પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

## :: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામુ ::

**ક્રમાંક : એસ.બી./ શોર્ટ મેસેજ / ૧૭૬ /૨૦૨૨**

ભારતનાં ચુંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ નો વિગતવાર કાર્યક્રમ પ્રેસનોટ નં.ઈસીઆઈ/પીએન/૮૧/૨૦૨૨, તા.૦૩/૧૧/૨૦૨૨ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ તથા તા.૦૫/૧૨/૨૦૨૨ એમ બે તબકકામાં રાખવામાં આવેલ છે. ચુંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ચુંટણી કાયદા, આચારસંહિતા અને ચુંટણી આયોગ નવી દિલ્હીની સુચનાઓનો ભંગ કરતા શોર્ટ મેસેજ (SMSs) પ્રસારિત થતા અટકાવવા મતદાન પુર્ણ થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાક દરમ્યાન રાજકીય પ્રકારના SMSs મોકલવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃ-૪૬૪/આઈએનએસટી/૨૦૦૮/ઈપીએસ તા.૫/૧૧/૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી-૧૦૦૭-૧૦૩૩૨-છ, તા.૧૭/૧૧/૦૮ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં

કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ, મતદાન દિવસ તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પુર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ SMSs મોકલવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

:: શિક્ષા::

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અપવાદ ::

SWEEP કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહીત કરતા, ભારતના ચુંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી ધ્વારા કરવામાં આવતા SMSs ને લાગુ પડશે નહી.

**: :અમલવારીનો સમય ::**

**સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૫/૧૧/૨૦૨૨ ના ક.૦૦/૦૦ થી તા.૧૦/૧૨/૨૦૨૨ના ક.૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

**તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ**

**કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.**

આજ તારીખ :- ૦૪/૧૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર એસ.બી.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક સુરત શહેર
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી-૧,૨ તથા ક્રાઇમ,સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
**(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)**
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( **સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.**)